# ચિત્શક્તિ વિલાસ

## સ્વામી મુક્તાનંદ

ચિત્ત જેવું ચિંતન હોય એવું ફળ આપનારું છે. માનવ ચિત્તથી જ શાંત, ચિત્તથી ભ્રાંત, ચિત્તથી મેધાવી, ચિત્તપ્રસાદથી કવિ, ચિત્તથી બુદ્ધિમાન, ચિત્તથી ઉચ્ચ કલાકાર, ચિત્તથી મહાન સંગીતકાર, ચિત્તથી યોગી બને છે. ચિત્તથી શાસ્ત્રોમાં ઉપાધિ અને ચિત્તથી જ સમાધિ પ્રાપ્ત છે. ચિત્ત જ ગુરુ, ચિત્ત શક્તિસંચાલક અને ચિત્ત જ નિર્વિકલ્પ પદ છે. ચિત્તભ્રષ્ટ સદા કષ્ટી, કર્માચારભ્રષ્ટી, મોક્ષમાર્ગનષ્ટી હોય છે. મલિન ચિત્ત જ ઘોર નરક છે.

ચિત્તને સંભાળો. ચિત્ત તમારો સુખદ મિત્ર છે. ગુરુજનોના પરમ પ્રેમનો અધિકારી શુદ્ધ ચિત્ત છે. એટલા માટે તમે શાંત ચિત્તથી ધ્યાન કરો. ચિત્તમાં રહેતા પરમેશ્વર તુરંત પ્રસન્ન થઈને તમને પોતાનું પૂર્ણ વિશ્વરૂપ ધ્યાનમાં બતાવશે. એ ચિત્તપ્રસાદથી તમે આત્મવિમર્શ સહજમાં પામશો.

તમારી પાસે ચિત્તરૂપી કેવી મોટી સંપત્તિ છે! આટલી મહાન આશ્ચર્યમય ચિતિશક્તિ તમારી પાસે હોવા છતાં શા માટે ચીસો પાડો છો? શા માટે દુ:ખી છો? શા માટે હીન છો? શા માટે દીન છો? ચિત્તમાં સતત રહેનારી ચિતિશક્તિની પૂજા કરો. ચિત્તમાં અંતરસ્ફુરણરૂપમાં સ્ફુરતા આત્મતત્ત્વને સદા યાદ કરતા રહીને વ્યવહાર કરો. અસ્તુ.

© ૨૦૨૧ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

સ્વામી મુક્તાનંદ, *ચિત્શક્તિ વિલાસ* (ચિત્શક્તિ પબ્લિકેશન્સ, ૨૦૧૩) પૃષ્ઠ ૫૧